# નવા સાત જિલ્લા-૨૨ તાલુકાની દરખાસ્ત મંજુર

### વિભાજન, પુનરરચનાની દરખાસ્ત સ્વીકારાઈ : મોદી પ્રધાનમંડળની બેઠકમાં નિર્ણય કરાયો : આનુષંગિક કાર્યવાહી હાથ ધરવા જિલ્લા કલેક્ટરોને સૂચના અપાઈ

અમદાવાદ, તા.૨૩

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને આજે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ગુજરાત રાજ્યમાં કેટલાક જિલ્લા અને તાલુકાઓના વિભાજન અને પુનઃરચનાની દરખાસ્તોનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો હતો. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે મુખ્યમંત્રીએ અગાઉ રાજ્યમાં મોટા ક્ષેત્રફળ ધરાવતા જિલ્લાઓમાં ભૌગોલિક અંતરના કારણે નાગરિકોનો વહીવટી કામો માટે જિલ્લા કે તાલુકા મુખ્યમથકે જવા - આવવા સમય શક્તિ અને નાણાંનો વ્યય થાય છે તે અટકાવવા વહીવટી વિકેન્દ્રીકરણની સરળતા, ત્વરિત સેવા અને વિકાસની પ્રક્રિયા ઝડપી બને તે હેતુથી સાત નવા જિલ્લા અને વીસ નવા તાલુકાની નવરચનાની શ્રેણીબદ્ધ જાહેરાત કરી હતી. આ દરમિયાન અન્ય બે તાલુકાઓની નવરચનાની જરૂરિયાત પણ જણાઈ હતી. આ સંદર્ભમાં આજે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં સાત નવા જિલ્લા અને બાવીસ નવા તાલુકાઓની દરખાસ્તોનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો છે. આ સંદર્ભમાં મુંબઈ જમીન મહેસૂલ અદિનિયમ ૧૮૭૯ની કલમ ૭ની જોગવાઈઓ અનુસાર જિલ્લા કે તાલુકાની પુનઃરચના જાહેર કરવાની સરકારને સત્તા છે. તદ્‌અનુસાર જિલ્લા કલેક્ટરોને નવા જિલ્લા અને તાલુકા વિભાજન અને પુનઃરચના અંગેની આ દરખાસ્તો વિશે ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર સંબંધિત વિસ્તારની લોકસુવિધા અને સાનુકૂળતા તપાસવા માટેની આનુસંગિક કાર્યવાહી હાથ ધરવા સૂચના આપવામાં આવી છે.

## વિભાજન અને પુનઃરચના

| મૂળ જિલ્લો | સૂચિત જિલ્લો |
|---|---|
| સાબરકાંઠા | અરવલ્લી |
| જૂનાગઢ | ગીર સોમનાથ |
| ભાવનગર, અમદાવાદ | બોટાદ |
| વડોદરા | છોટાઉદેપુર |
| પંચમહાલ, ખેડા | મહિસાગર |
| રાજકોટ, સુરેન્દ્રનગર અને જામનગર | મોરબી |
| જામનગર | દેવભૂમિ દ્વારકા |

બાવીસ તાલુકા વિભાગનની અને પુનઃરચનાની દરખાસ્તો મંત્રીમંડળની બેઠકમાં વિચારણા અર્થે આ પ્રમાણે રજુ થઈ હતી.

| મૂળ તાલુકો | સૂચિત તાલુકો |
|---|---|
| ઉના | ગીરગઢડા |
| જૂનાગઢ | જૂનાગઢ સિટી |
| ડિસા, દીયોદર, થરાદ | લાખણી |
| કડી, મહેસાણા, વિજાપુર, વિસનગર | ગોઝારીયા |
| મહુવા, ગારીયાધાર, પાલીતાણા | જેસર |
| ચીખલી | ખેરગામ |
| સમી | શંખેશ્વર |
| પાટણ | સરસ્વતી |
| પારડી | વાપી |
| ડાંગ | વઘઈ |
| કડી, મહેસાણા | જોટાણા |
| ઝગડીયા,વાલીયા | નેત્રંગ |
| વાવ | સૂઈગામ |
| ચોટીલા, મૂળી, સાયલા | થાનગઢ |
| બરવાળા, ધંધુકા | ધોલેરા |
| જસદણ | વિંછીયા |
| કપડવંજ, કઠલાલ | ફાગવેલ |
| ઠાસરા | ગલતેશ્વર |
| સંખેડા, જેતપુર-પાવી | બોડેલી |
| ખેડબ્રહ્મા | પોશીના |
| ઝાલોદ | સંજેલી |
| ડાંગ | સુબીર |

આ નિવા જિલ્લા અને તાલુકાઓ માટે જિલ્લા-તાલુકા કક્ષાએ સંવર્ગવાર વહીવટી મહેકમ ઉભુ કરવા અને આંતરમાળખાકીય સવલતો પૂરી પાડવા સરકારના વિવિધ વિભાગો આનુષાંગિક કાર્યવાહી હાથ ધરાશે.

## પૂર્વ મંત્રીશ્રી સ્વ. દલસુખભાઈ ગોધાણીને મુખ્યમંત્રીશ્રીની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા.૨૩

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજ્યના પૂર્વમંત્રી અને વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી દલસુખભાઈ ગોધાણીના અવસાન અંગે ઊંડા દુઃખ અને આઘાતની લાગણી વ્યકત કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ શોકસંદેશમાં સ્વ.શ્રી દલસુખભાઈને શ્રધ્ધાંજલી આપતાં જણાવ્યું છે કે ગ્રામવિકાસ, શિક્ષણ, પંચાયત, કૃષિ અને સહકારી પ્રવૃતિઓમાં સ્વ. દલસુખભાઈ ગોધાણીનું યોગદાન મહત્વનું રહયું હતું. જાહેરજીવનમાં તેમણે લોકસેવાઓ દ્વારા અનેકવિધ સેવા પ્રવૃતિમાં રસ દાખવ્યો હતો.

તેમના અવસાનથી એક નિષ્ઠાવાન લોકસેવકની ખોટ પડી છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે.



ઈદ-એ-મિલાદ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે શહેરને સજાવવાની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે.

# ભાવ વધારાના વિરોધમાં પાંચ રિક્ષા ચાલક ભુખ હડતાળ પર

### ઇન્કમટેક્સ સર્કલ ખાતે ભૂખ હડતાળનો પ્રારંભ :શનિવારે પારણા કરશે : રવિવારે રીક્ષા ચાલકોની ફરી બેઠક થશે

અમદાવાદ, તા.૨૩

અદાણી દ્વારા સીએનજીમાં કરવામાં આવેલા કમરતોડ ભાવ વધારાના વિરોધમાં રિક્ષાચાલક એસોસીએશનના પાંચ પ્રતિનિધિઓ આજથી ૭૨ કલાકની ભૂખ હડતાળ પર ઉતર્યા છે. આજે સવારે ૧૧.૩૦ કલાકે પાંચ પ્રતિનિધિઓ ઈન્કમટેક્સ સર્કલ ખાતેભૂખ હડતાળનોપ્રારંભ કર્યો હતો. જે શનિવારે સવારે ૧૧.૩૦ કલાકે પારણા કરશે. તેમ છતાં સમસ્યાનો હલ નહીં આવે તો રવિવારે રિક્ષાચાલકોની બેઠક મળશે અને આગામી રણનીતિનો નિર્ણય કરવામાં આવશે.

આજે વહેલી સવારે ૧૧.૩૦ કલાક સીએનજીમાં ભાવ પાછો કેંચોની માંગ સાથે અમદાવાદ રિક્ષાચાલક એસોસિએસનના પાંચ પ્રતિનિધિઓ ૭૨ કલાકની ભૂખ હડતાળ ઉપર ઉતર્યા હતા. આ પ્રસંગે શહેરના ૩૫૦થી વધુ રિક્ષા ચાલકો તેમના સમર્થન માટે ભૂખ હડતાળના સ્થળ ઉપર ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી એક પ્રતિનિધિની પાછળ પાંચ એમ કુલ ૨૫ રિક્ષા ચાલકો એક દિવસના ઉપવાસ કરી ભૂખ હટતાળને પોતાનું સમર્થન આપ્યુ હતુ. ભૂખ હડતાળ દરમિયાન માનવઅધિકાર સમિતી ઓલ ગુજરાત સ્ટૂડન્ટ એસોસિએશન, આમ આદમી પાર્ટી અને હિન્દુ સિવસેનાના પ્રતિનિધિઓએ ઉપવાસ સ્થળની મુલાકાત લઈ ભૂખ હડતાળને પોતાનું સમર્થન જાહેર કર્યુ હતુ. ભૂખ હડતાળ અંગે માહિતી આપતા અમદાવાદ રિક્ષા ચાલક એસોસિએશનના મંત્રી અશોક પંજાબીએ જણાવ્યું હતુ કે અમે લોકો ઉપર વધારાનો બોજો નાખવા માંગતા નથી. તેથી અમારી માંગ છે કે સરકાર સીએનજીમાં ભાવ વધારો પાછો ખેંચે એ અમારી પ્રથમ માંગ છે

## સભ્યો યોગદાન આપે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, સજ્જન અને સમજદાર કાર્યકર્તા એવા શ્રી વાળાની વહીવટી કુશળતા અને અનુભવ વિધાનસભા ગૃહની ગરીમાને નૂતન શિખરે પહોંચાડશે. શ્રી વાઘેલાએ જણાવ્યું હતું કે, શ્રી વાળાની રમૂજવૃત્તિ જટીલ પ્રૌને પણ સરળ બનાવવા સક્ષમ છે. તેમણે જણાવ્યું હતું કે, વિધાનસભા ગૃહમાં વિરોધપક્ષ કોંગ્રેસ નકારાત્મક નહીં પરંતુ હકારાત્મક ભૂમિકા ભજવશે. અધ્યક્ષશ્રીની બેઠક ઉપર કંડારાયેલા ''સત્યમેવ જયતે'' મંત્રને સાર્થક કરી શ્રી વાળા અધ્યક્ષપદની ઉચ્ચ પરંપરા જાળવી ઐતિહાસિક ભૂમિકા અદા કરે તેવી શુભકામના પણ શ્રી વાઘેલાએ પાઠવી શ્રી વાળાના ચોકલેટ ખાવાના અને ફિલ્મ જોવાના શોખને પણ દોહરાવ્યો હતો.

પૂર્વ અધ્યક્ષ અને વૈધાનિક સંસદીય બાબતોના મંત્રી શ્રી ગણપતભાઈ વસાવાએ સંસદીય બાબતોના મંત્રી તરીકે શ્રી વજુભાઈ વાળાને અભિનંદન પાઠવતાં જણાવ્યું કે, સંસદીય ક્ષેત્રમાં શ્રી વજુભાઈ વાળાના દીર્ઘકાલીન સંસદીય અનુભવમાંથી ગૃહને માર્ગદર્શન મળી રહેશે. સભાગૃહની ચર્ચા દરમિયાન ઉભી થતી ગંભીર પરિસ્થિતિને પાર પાડવાની ક્ષમતા શ્રી વજુભાઈ ધરાવે છે, ત્યારે તેઓની રમૂજવૃત્તિ ગંભીર ચર્ચાને પણ હળવી બનાવશે. સભાગૃહમાં પ્રજાના સંકલ્પોને ફળીભૂત કરવામાં શ્રી વજુભાઈની પરિપકવતા અને ઉચ્ચ સંસદીય પ્રણાલિકાઓની જાણકારીનો લાભ સભાગૃહને મળશે તેવી શ્રદ્ધા વ્યકત કરીને સભાગૃહનો સહયોગ અધ્યક્ષશ્રીને મળી રહેશે તેવી ખાત્રી મંત્રી શ્રી ગણપતભાઈ વાસવાએ આપી હતી તથા અધ્યક્ષ તરીકેનો શ્રી વજુભાઈ વાળાનો સમયકાળ સંસદીય પ્રણાલિકા અને ગરિમાને ઉચ્ચસ્થાને લઈ જવામાં ''સુવર્ણકાળ'' બની રહેશે તેવી શુભેચ્છા પાઠવી હતી.

ગૃહના વરિષ્ઠ સદસ્ય શ્રી કેશુભાઈ પટેલે સભાગૃહના અધ્યક્ષ તરીકે શ્રી વજુભાઈ વાળાની પસંદગીને આનંદ અને ખુશીની વાત ગણાવી હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. શ્રી કેશુભાઈ પટેલે શ્રી વજુભાઈ વાળા સાથેના સ્મરણોને તાજા કરીને કહ્યું હતું કે, ચર્ચાની સાથોસાથ થયેલી ચર્ચાના નિષ્કર્ષને વ્યવહારમાં મુકવાથી જ સભાગૃહ વધુ કાર્યક્ષમતાથી કાર્ય કરી શકે. પ્રજાની અપેક્ષાઓ અને પ્રજાની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને હકારાત્મક અભિગમ સાથે ''સત્યમેવ જયતે''ના સૂત્રને ચરિતાર્થ કરવામાં શ્રી વજુભાઈ વાળા સભાગૃહની વધુને વધુ સારી છાપ લોકોના મન પર અંકિત કરશે તેવી શ્રદ્ધા વ્યકત કરી હતી.

## સરકાર પ્રતિબદ્ધ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આવ્યો છે, જ્યારે વનબંધુ કલ્યાણ યોજના ૪૦,૦૦૦ કરોડની કરવામાં આવી રહી છે.

ગુજરાતમાં વિક્રમસર્જકરીતે ૧૧.૭૩ લાખ મહિલાઓએ દસ્તાવેજ કરાવ્યા છે જેની ૪૧૪ કરોડની સ્ટેમ્પડ્યુટી જતી કરવામાં આવી છે.મુખ્યમંત્રી અમૃતમ યોજનામાં બીપીએલ પરિવારોને બે લાખની સહાય અપાય છે. ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાએ ૨.૨૯ લોકોના જીવ બચાવ્યા છે.

રાજ્ય સરકાર સૌરાષ્ટ્રમાં સૌની યોજના હેઠળ ૧૦,૦૦૦ કરોડનો ખર્ચ કરી રહી છે, જેના કારણે લોકોને પીવાનું પાણી મળી રહેશે અને ૧૦.૨૨ લાખ હેક્ટર જમીનને સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થશે. જૂન-૨૦૧૩ સુધીમાં નર્મદા યોજનાની મોટાભાગની કેનાલોનું કામ પૂર્ણ થશે તેવી ખાતરી સરકારે આપી છે. રાજ્યનો કૃષિ વિકાસ દર ૧૦.૮૦ ટકા રહ્યો છે. ૨૦૦૨થી ગુજરાત સમગ્ર દેશમાં રોજગારી આપવામાં નંબર વન છે.

ગુજરાતમાં પ્રતિદિન ૧.૪૧ કરોડ લીટર દૂધનું ઉત્પાદન થાય છે તેનો ઉલ્લેખ કરી રાજ્યપાલે કહ્યું કે નવી દિલ્હી પણ ગુજરાતનું દૂધ પીવે છે. સાક્ષરતા દર ૭૯.૩૧ ટકા લઈ જવાયો છે. દેશના ૧૯ ટકાના લઘુ મધ્યમ ઉદ્યોગોના વિકાસ દરની સરખામણીએ ગુજરાતનો દર ૮૫ ટકા રહ્યો છે.ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રનો ફાળો ૧૬ ટકા છે.

નવી જમીન ખરીદવાની સમય મર્યાદા ૧૮૦ દિવસથી વધારીને ત્રણ વર્ષની કરી દેવામાં આવી છે. મહિલા પરના અત્યાચારોના કેસો ઝડપથી ચલાવવા માટે ફાસ્ટટ્રેક કોર્ટ શરૂ કરાશે. જે વર્ષમાં કોર્ટમાં કેસ દાખલ થાય તે વર્ષમાં તેનો નિકાલ થાય તેવો નિર્ધાર આ સરકારે કર્યો છે.

ગુજરાત સરકારે છેલ્લા સાત વર્ષમાં ૧૧૦૦૦ નવી બસો ખરીદી છે.

## શબ્દાવલી - ૪૯૬૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ■ | ૩ | ■ | ૪ |
| ૫ | | ■ | ■ | ૬ | | | |
| ■ | ૭ | | ૮ | ■ | ■ | ■ | |
| ૯ | | ■ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ■ |
| | ■ | ૧૪ | ■ | ૧૫ | | | ■ |
| ૧૬ | | | ૧૭ | ■ | | ■ | ૧૮ |
| | ■ | ૧૯ | | ■ | ૨૦ | ૨૧ | |
| ૨૨ | | | | ■ | ૨૩ | | |

### આડી ચાવી

૧. લુખ્ખી, ધમકી (૪)
૫. સાર, વક (૨)
૬. સમાચારપત્ર (૪)
૭. સમુળગુ, બધુ સમગ્ર (૩)
૯. ઘાંટો, બૂમ (૩)
૧૦. જૂનાગઢ... પર્વત છે (૪)
૧૫. વળાવવું તે, ... આપવી (૩)
૧૬. ધૃણા (૪)
૧૯. ...ઝૂડ, મારવું તે (૨)
૨૦. અનાથ (૩)
૨૨. કોમ્પ્યુટરમાં... આવે, કોમ્પ્યુટરનો રોગ (૪)
૨૨. જલ્દી, તુર્ત (૩)

### ઊભી ચાવી

૧. મેડીસીન, ગોળીઓ (૨)
૨. ધ્યેય (૪)
૩. તરત પીગળી જતો એક પદાર્થ, ૧,૦૦,૦૦૦=૦૦ (૨)
૪. આઈસ, પાણીનું ઘન સ્વરૂપ (૩)
૮. ચલમ, હોકો (૨)
૯. હેમખેમ, તંદુરસ્ત (૫)
૧૧. ... પછી તો સોમ છે, ત્રીજો મંગળવાર... (૨)
૧૨. અબુધ કે ભોળુ હોય તે વર્તન વાળુ (૫)
૧૩. 'ઘર' નું ઊંધું (૨)
૧૪. વણઝાર, લાંબી લાઈન (૪)
૧૭. તૃષા (૩)
૧૮. મોલ, ભાવ (૩)
૨૧. બાણ (૨)

### શબ્દાવલી ૪૯૫૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) હિતશત્રુ (૩) જવાન (૫) ટીચાવું (૭) ચાબુક (૧૦) નામુરાદ (૧૩) શાપિત (૧૫) કાલી (૧૬) કાચ (૧૮) માન (૧૯) જનગણમન (૨૧) લતા (૨૨) નરગીસ

**ઊભી ચાવી :-** (૧) હિલચાલ (૨) ત્રુટી (૩) જવું (૪) નભ (૬) ચાહના (૮) કદાપિ (૯) જરા (૧૧) મુખ્ય (૧૨) દમન (૧૩) શાલીનતા (૧૪) તકાણ (૧૫) કાજલ (૧૭) ચમન (૨૦) નર

## મતદાતા દિનની ઉજવણી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ચૂંટણી સંચાલન, આચાર સંહિતાનો અમલ, ઉમેદવારોના ચૂંટણી ખર્ચ તથા મતદારયાદીઓના સંદર્ભમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ, ચૂંટણી અધિકારીશ્રીઓ તથા મદદનીશ ચૂંટણી અધિકારીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવશે.

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ શાંતિપૂર્ણ રીતે અને સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવી છે તથા તેમાં ૭૨ ટકા જેટલું અભૂતપૂર્વ મતદાન થયેલ છે. ભારતના ચૂંટણી પંચ તરફથી સફળતાપૂર્વક ચૂંટણીઓ યોજવા માટે ગુજરાત રાજ્યને એવોર્ડ મળેલ છે. આ એવોર્ડ મહામહિમ ઉપરાષ્ટ્રપતિશ્રીના હસ્તે વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે તા. ૨૫-૧-૨૦૧૩ના રોજ એનાયત કરવામાં આવનાર છે. જે સ્વીકારવા માટે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી અનીતા કરવલ નવી દિલ્હી ખાતે હાજર રહેશે.

તે ઉપરાંત ચૂંટણી વિષયક જુદી જુદી કામગીરીમાં ઉત્કૃષ્ટ કામગીરી બજાવેલ હોય તેવા અધિકારીઓના નામાંકન ભારતના ચૂંટણી પંચ તરફથી મંગાવવામાં આવેલ હતાં. જેમાં યુવા મતદારોની નોંધણીમાં ઉત્કૃષ્ટ કામગીરી માટે ભરૂચ જિલ્લાના કલેક્ટર શ્રીમતી અવંતિકા ઔલખના નામાંકનને દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયેલ છે. જે એવોર્ડ સ્વીકારવા માટે કલેક્ટરશ્રી, ભરૂચ પણ નવી દિલ્હી ખાતે હાજર રહેનાર છે.

## યુવાનનું અપહરણ કર્યું

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તમામ હકીકતો કહી દીધી હતી. પી.આઈ. પ્લાન બનાવીને ખાનગી વેશ અને ગાડીમાં ટીમ સાથે નીકળ્યા. વારંવાર આરોપીઓ લોકેશન બદલતા રહેતા હતા. અંતે સેક્ટર-૧૭ આલ્ફા હોટલ પાસે આવવાનું કહેતા પોલીસ ત્યાં પહોંચી ગઈ અને અલ્ટો ગાડી દેખાતા ચારેય બાજુથી ઘેરી લઈને ચિરાગને છોડાવી દીધો હતો અને ચારેય અપહરણકારોની ધરપકડ કરી લીધી હતી. માત્ર ૨૦થી ૨૨ મિનિટમાં સે. ૭ પોલીસે સફળતાપૂર્વક પ્લાન પાર પાડી દઈ ચારેય શખ્સોને પકડી પાડ્યા હતા.

શાહુકાર દારાનું કોઈ લાયસન્સ વગર પેઢી ચલાવતા આ શખ્સો ૧૦ ટકાથી વધુ વ્યાજ લેતા હોવાનું જાણવા મળ્યું છે. આ શખ્સોએ રૂપિયા વ્યાજે આપતા પહેલા ચિરાગ પાસેથી કોરી પ્રોમીશરી નોટ અને પાંચ કોરા ચેક પર સહી કરાવીને લઈ લીધા હતા. પોલીસે આ તમામ ચેક અને નોટ કબજે લઈ જે કારમાં અપહરણ કર્યુ તે કાર પણ કબ્જે કતરી લીધી છે.

આ અપહરણકારોમાં સે. ૭ પોલીસે ચાર અપહરણકારોને ઝડપી લીધા છે જેમાં ત્રણ સરકારી કર્મચારીઓના દીકરા હોવાનું બહાર આવ્યું છે. સે. ૧૭ ફાયરબ્રિગેડ ક્વાટર્સમાં રહેતા ઉત્તમ ખુમાનસિંહ ચૌહાણ, સે. ૭ છ-ટાઈપબ્લોક નં. ૧૫/૨માં રહેતા મયુર જગદીશભાઈ ચાવડા, સે. ૨૯ જ-ટાઈપમાં રહેતા પરવેઝ લીયાકતભાઈ પઠાણ અને સે. ૨૩ કેટેગરી બ્લોક નં. ૧૮૩/૪માં રહેતા હરેશ નરસંગ ચૌધરી નામના શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. જેમાં ઉત્તમના પિતા ખુમાનસિંહ ગાંધીનગર ફાયરબ્રિગેડમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. મયુરના પિતા જગદીશભાઈ નવા સચિવાલય આરએન્ડબી વિભાગમાં વાયરમેન તરીકે ફરજ બજાવે છે. જ્યારે પરવેઝના પિતા લીયાકતભાઈ નવા સચિવાલયમાં હેડ મેસેન્જર તરીકે ફરજ બજાવે છે. ઉપરોક્ત ત્રણેય આરોપીઓ સરકારી કર્મચારીઓના પુત્રો છે. જ્યારે ચોથા અપહરણકાર હરેશના પિતા ખેતી સાથે સંકળાયેલા હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોક્ત ચારેય અપહરણકારોને કોર્ટમાં રજુ કરી સેન્ટ્રલ જેલ હવાલે કરી દીધા છે.

## વેરા અન્વયે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હોવાનું ધ્યાને આવ્યું છે. સમગ્ર શહેરમાં અગાઉની બાકી વસુલાત સંદર્ભે અંદાજિત રૂ. ૧ કરોડનો આંકડો હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જો કે ગત વસુલાત ઝુંબેશના અંતે બાકીદારોને નોટીસ અપાયા બાદ રૂ. ૧૦ લાખથી વધુ રકમ વસુલવામાં આવી હોવાનુ પણ સૂત્રોએ જણાવ્યું છે. વસુલાતક્ષેત્રે અગાઉના બાકી માંગણાને વસુલવા પણ આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં પાણી-ગટરના ૨૬ હજાર જોડાણકર્તાઓ પાસેથી અંદાજિત રૂ. ૩ કરોડનો વેરો વસુલવા ટુંકમાં ઝુંબેશ હાથ ધરાશે. તંત્ર દ્વારા એડવાન્સ વસુલાત માટે બિલ તૈયાર કરવા ટેન્ડરપ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે આગામી સપ્તાહ બાદ એજન્સીને બિલ તૈયાર કરવા ઉપરાંત વિતરણનું કામ સોંપવામાં આવશે. આગામી મહીનામાં શહેરના જૂના અને નવા સેક્ટરોમાં એડવાન્સ વસુલાત માટે ઝૂંબેશ હાથ ધરાશે.

## કોર્પોરેટ હોસ્પિટલની કક્ષાએ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તમામ દાતાઓ એક જ પરિવારના છે. એક પરિવારની ઉચ્ચ સેવાકીય ભાવના કેવો રંગ લાવે છે તે આ હોસ્પિટલ થકી પુરવાર થયું છે. મોંઘી સારવાર લેવા માટે અમદાવાદ જેવા શહેરોમાં ન જઈ શકતા ઈસનપુર મોટા ગામની આસપાસના હજ્જારો ગરીબ અને મધ્યમ વર્ગીય દર્દીઓ માટે આ હોસ્પિટલ આશીર્વાદ સમાન છે. સર્વોદય આરોગ્ય મંડળના પ્રમુખ વિષ્ણુભાઈ પટેલ, ઉપપ્રમુખ કનુભાઈ પટેલ, મેનેજીંગ ટ્રસ્ટી રામચંદ્ર પટેલની રાહબરી હેઠળ સફળતાપૂર્વક ચાલતી આ હોસ્પિટલનો લાભ ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોના દર્દીઓને મળી રહે છે.

દર્દીઓને અહી અત્યાધુનિક સારવાર મળી રહે તે માટે આ હોસ્પિટલનો વ્યાપ અને સેવાને વધારવામાં આવી રહ્યા છે. તાજેતરમાં યોજાયેલ ગ્લોબલ વાયબ્રન્ટ સમિટ-૨૦૧૩માં હોસ્પિટલ દ્વારા ૬૦ કરોડના એમઓયુ કરવામાં આવ્યા છે. કોર્પોરેટ હોસ્પિટલ જેવી સુવિધાઓ માટે કરવામાં આવેલા એમઓયુ દર્દીઓના લાભ માટે છે. કારણ કે સેવા અને સુવિધા ભલે કોર્પોરેટ હોસ્પિટલ જેવી હોય પરંતુ તે માટે ગરીબ અને મધ્યમ વર્ગીય દર્દીઓ પાસેથી તોતીંગ ફી વસુલવામાં આવશે નહી, દર્દીઓને પરવડે તેવી વાજબી ફી માં અત્યાધુનિક સારવાર દર્દીઓને મળે તે માટે દાતાઓ રાતદિવસ મહેનત કરી રહ્યા છે. ટુંક સમયમાં અહીં નર્સીંગ કોલેજ પણ શરૂ થશે. આ ઉપરાંત નિષ્ણાંત તબીબોની સેવા દરરોજ મળે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હોસ્પિટલ અને કોલેજના નવા બિલ્ડીંગનું બાંધકામ ટુંક સમયમાં શરૂ કરી દેવાશે.

### ટુંકી મુદતની જાહેર નિવિદા નં.૧૪/૨૦૧૩
### જિલ્લા પંચાયત, ગાંધીનગર મા. અને મ. વિભાગ

કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન પંચાયત વિભાગ, જિલ્લા પંચાયત ૩૮૨૦૧૭ ફોન નં. ૨૩૨૫૬૯૬૮ નીચેના કામ માટે અનુભવી સીક્યુરીટી કોન્ટ્રાક્ટ માટેની એજન્સી પાસેથી નીચે જણાવેલ વિગતે ટેન્ડર પદ્ધતિથી રજી.પો.એ.ડી.થી સીલબંધ કવરમાં ભાવપત્રકો કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત મા.મ. વિભાગ, સેક્ટર નં.૧૭, જિલ્લા પંચાયત, ગાંધીનગર દ્વારા મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | કોરી ટેન્ડર કોપી આપવાની છેલ્લી તારીખ | ભરેલ ટેન્ડર ફોર્મ રજી. પો.એ.ડી. પરત લેવાની તારીખ | બાનાની રકમ | ટેન્ડર ફી ની રકમ | ટેન્ડર ખોલવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧. | જિલ્લા પંચાયત ગાંધીનગરની શાખાઓ તથા કંપાઉન્ડમાં પાર્ક થતાં વાહનો અને પંચાયતની જંગમ મિલ્કતોની સંપૂર્ણ સુરક્ષા માટે સીક્યુરીટી સર્વિસ કોન્ટ્રાક્ટ આપવાનું કામ | તા. ૪/૨/૧૩ ના રોજ ૧૬.૦૦ કલાક સુધી | તા.૧૨/૨/૧૩ નાં રોજ ૧૬.૦૦ કલાક સુધી | ૫૦૦૦/- | ૬૦૦/- | શક્ય હશે તો પરત લેવાની તારીખ પછીના બીજા દિવસે |

રસ ધરાવતા સિક્યુરીટી સર્વિસ પુરી પાડનાર ઈજારદારશ્રીઓએ કચેરીના કામકાજના દિવસો દરમિયાન ૧૧.૦૦થી ૧૬.૦૦ કલાક દરમિયાન કચેરીનો સંપર્ક કરવો. વિગતવાર માહિતી કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. ટેન્ડરની કોરી કોપી લેવા માટે રૂ. ૬૦૦/- પી.એલ.એ. ડી.ડી.ઓમાં ચલનથી સ્ટેટ બેંકમાં જમા કરેલ ચલનની કોપી રજૂ કરી મેળવવાની રહેશે.

**કાર્યપાલક ઈજનેર**
**પંચાયત મા.મ. વિભાગ, ગાંધીનગર**

**માહિતી/૨૦૮૩/૧૨-૧૩**

## પરેડમાં ભાગ લેશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પ્રવૃત્તિ સાથે સંકળાયેલ અને ગાંધીનગરમાં જ રહેતો જયકિશન ચીમનભાઈ અજુડીયા પણ આ વર્ષે રાષ્ટ્રીય પરેડમાં ભાગ લેશે. સામાન્ય પરિવારમાંથી આવતા આ બંને વિદ્યાર્થીઓએ પોતાની આગવી ઓળખ ઉભી કરી નાની ઉંમરે ખૂબ જ મોટા સોપાનો સર કર્યા છે અને સામાન્ય પરિવારના વિદ્યાર્થીઓ શું કરી શકે છે તેનો ઉત્તમ નમૂનો રજુ કર્યો છે તેમજ અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓનું આપણા જીવનમાં કેટલું મહત્વ છે તે પણ સમજાવ્યું છે.ગત વર્ષે પણ બે યુવતીઓ રૂપા રામચંદ્રભાઈ સાવડીયા અને ફલાઈટ લેફટનન્ટ સ્નેહા શેખાવતે રાષ્ટ્રીય પરેડમાં ભાગ લીધો હતો અને જિલ્લાને ગૌરવ અપાવ્યું હતું.

આ બંને વિદ્યાર્થીઓની વિશેષ સિધ્ધી બદલ અશ્વિનભાઈ પટેલ કોલેજ પરિવારે અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.

ફોર્મ 'ગ'

### જાહેરનામું
### મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
### જમીન સંપ્રાપ્તી અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)

**જીલ્લો : ગાંધીનગર** **તારીખ : ૩ ઓગસ્ટ, ૨૦૧૨**
**નંબર : અમ/૨૦૧૨/૧૦૫/મ/જગધ/૧૫૧૨/૮૭૫/ઘ**

ભારતના બંધારણની કલમ : ૨૫૮ના ખંડ (૧) અન્વયે પાડવામાં આવેલ ભારત સરકારના ખેતી (ગ્રામ્ય વિકાસ વિભાગ) મંત્રાલયના તારીખ ૨૦-૮-૮૭ના જાહેરનામા નં. ૧૨૦૧૧/૩૨/૧૭/૮૪/એસ.આર.ડી./એસ.ઓ./૭૮૭(ઈ) દ્વારા ગુજરાત રાજ્યના પ્રદેશમાં સંઘના હેતુ માટે જમીન સંપાદન સંબંધમાં સને ૧૮૯૪ના જમીન સંપાદન અધિનિયમ (સને ૧૮૯૪નો ૧લો) હેઠળના કેન્દ્ર સરકારના કાર્યો ગુજરાત સરકારને સોંપવામાં આવ્યા છે. એથી આ સાથેની અનુસુચિમાં દર્શાવવામાં આવેલી જમીન / જમીનોની જાહેર હેતુ જેમ કે તેલ અને કુદરતી વાયુ કોર્પોરેશન લીમીટેડ અમદાવાદ એસેટ દ્વારા સારકામ નંબર LMBZ (L#64) માટે જરૂર પડવાનો છે. તેમ ગુજરાત સરકારને લાગે છે.

(૧) આથી જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)ની કલમ-૪ની જોગવાઈઓ હેઠળ જાહેર કરવામાં આવે છે કે ઉક્ત જમીન /જમીનોની ઉપર દર્શાવવામાં આવેલ હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

(૨) ઉક્ત જમીન / જમીનોમાં હિત ધરાવતી બધી વ્યક્તિઓને આથી ઉક્ત જમીન / જમીનો ઉપર ઉક્ત જમીન સંપાદનના હેતુ માટે રોકવામાં આવેલ કોઈપણ થાપણદારો અથવા બીજી વ્યક્તિઓની કામગીરીમાં અડચણ અથવા દખલ નહીં કરવાની ચેતવણી આપવામાં આવે છે. આ જાહેરનામાની તારીખ પછી કલેક્ટરની મંજુરી વિના જમીન / જમીનોના વેચાણ, પેટા, નામફેર કે વિનિમય દ્વારા અથવા બીજી કોઈપણ રીતે નિકાલ અંગે કરવામાં આવેલ કોઈપણ કારણસર કરાર અથવા જમીન / જમીનોમાં કરવામાં આવેલ કોઈપણ સુધારા કે ખર્ચ ઉક્ત જમીન / જમીનોના છેવટે સંપાદન કરવામાં આવે તેવા ભાગો વળતરની આકારણી કરતા અધિકારી ઉક્ત અધિનિયમની કલમ-૨૪(સાતમું) હેઠળ ધ્યાનમાં લેશે નહીં.

(૩) ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે ઉક્ત જમીન / જમીનો આગળ જણાવેલ હેતુ માટે જરૂરી છે. તો યોગ્ય સમયગાળાની અંદર ઉક્ત અધિનિયમની કલમ-૬ હેઠળ તે મતલબનું આખરી જાહેરનામું ગુજરાત સરકારના ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. જમીન સંપાદન અંશતઃ અથવા સંપૂર્ણ પણે પડતું મુકવામાં આવશે તો એ હકીકત પણ ગુજરાત સરકારના ગેઝેટમાં કાયદાનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૪) આથી ગુજરાત અધિનિયમની ૧૮૯૪ની કલમ-૩ના ખંડ (ગ) હેઠળ ખાસ જમીન સંપાદન અધિકારી, તેલ અને કુદરતી વાયુ કોર્પોરેશન લીમીટેડ અમદાવાદને ઉક્ત અધિનિયમ કલમ-૫ (ક) હેઠળ ઉક્ત જમીનો સંબંધમાં કલેક્ટરના કાર્યો બજાવવા નીમે છે.

### અનુસુચિ

જીલ્લો : ગાંધીનગર તાલુકો : ગાંધીનગર ગામ : ચેખલાગુણી

| ક્રમ નં | સર્વે નંબર/ બ્લોક નંબર | જરૂરી જમીનનો આશરે વિસ્તાર હે.આરે.ચો.મી. | | | જે જાહેર હેતુ માટે જરૂર છે તે જાહેર હેતુ |
|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | | | ૩ |
| ૧ | ૧૨૨ | ૦૧ | ૧૦ | ૬૪ | તેલ અને કુદરતી વાયુ કોર્પોરેશન લીમીટેડ અમદાવાદ પ્રોજેક્ટ ચાંદખેડાના સારકામ નંબર : LMBZ(L#64) એલ.એ.ક્યુ. કેસ નંબર : ૨૦/૨૦૧૧/જી |
| | કુલ | ૦૧ | ૧૦ | ૬૪ | |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-

ક્રમાંક/સંમાનિ/અબદ/૧૭૭૨/૨૦૧૩ સરકારશ્રીના ઉપસચિવશ્રી